
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




એક, બે... ટ્રેન એક્સીડન્ટ થાય ત્યારે તમે કહો છો ને કે રેલવે પ્રધાને રાજીનામું આપવું જોઈએ... તો... લો... મારાથી બીજી વખત શાકમાં મીઠું વધુ પડી ગયું અને હું રાજીનામું આપું છું...!

## મુખ્યમંત્રી આજે એસ.ટી. નિગમમાં નિમણૂકપત્રો એનાયત કરશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સોમવારે ૧૧ સપ્ટેમ્બરે બપોરે ૪ કલાકે યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, અમદાવાદ ખાતે યોજાનારા એક સમારોહમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ એસ.ટી.માં નવી નિમણૂંક મેળવાનારા ૨૬૨૦ ડ્રાઈવર અને વહીવટી કક્ષામાં નિમણૂંક મેળવનારા ૬૧૨ ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કરશે.

# આજથી શહેરમાં કોઈને રેલી કે ધરણા પ્રદર્શન નહી કરવા દેવાય..!!

### બે દેશોનાં વડાપ્રધાનનાં આગમનને પગલે ૧૮ તારીખ સુધી પોતાની માંગણીઓ માટે અવાજ ઉઠાવવા પર રોક : પોલીસે તમામ ધરણા-રેલીની મંજુરીઓ રદ કરી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજ્યનાં કોઈ પણ છેવાડાનાં ગામનો કોઈ પ્રશ્ન હોય અને તેનું કોઈ સાંભળતુ ન હોય ત્યારે તે વ્યક્તિ કે સંગઠન સરકારને રજુઆત કરવા ગાંધીનગર આવતા હોય છે. હાલ વિવિધ સંગઠનોના અનેક પ્રશ્નો પડતર છે અને સરકાર સમક્ષ માંગણીઓ મુકી તબક્કાવાર રેલી-ધરણા પ્રદર્શન પાટનગરનાં સે-૬ ખાતે સત્યાગ્રહ છાવણીએ કરતા હોય છે. વી.સી, વાલ્મિકી સંગઠન અને કોન્ટ્રાક્ટ-ફિક્સ પગાર સંગઠન સહિતનાં વિવિધ સંગઠનોએ પાટનગરમાં રેલી-ધરણાનાં કાર્યક્રમો ગોઠવી નાંખ્યા હતા પરંતુ બે દેશોનાં વડાપ્રધાન ગાંધીનગર આવતા હોવાથી આ તમામની રેલી-ધરણાની મંજુરીઓ પોલીસે રદ કરી નાંખી છે. તેમ છતા કોઈ વિરોધ કરવા આવશે તો તેની અટકાયત કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ આવતી કાલે ૧૧ તારીખે ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે સમાજ પર થતા હળહળતા અન્યાય દુર કરવા બાબતે ભુખ હડતાળ કરવાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો હતો. તે ઉપરાંત કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિ દ્વારા માસ સી.એલનો કાર્યક્રમ જાહેર કરી રાજ્યની દરેક જીલ્લાની કલેક્ટર કચેરી ખાતે ધરણા કરવાની જાહેરાત કરી છે. તે ઉપરાંત ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર સાહસિક મંડળ (વી.સી) દ્વારા પણ ધરણાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. આ તમામ સંગઠનોએ પોલીસની મંજુરી લેવાની કાર્યવાહી કરી હતી પરંતુ દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા જાપાનનાં વડાપ્રધાન ગાંધીનગરમાં આવનાર હોવાથી સુરક્ષા અને સલામતિનાં કારણોસર તમામ સંગઠનોને રેલી-ધરણા ન કરવા પોલીસ તરફથી કડક સુચનાઓ આપી તમામની મંજુરીઓ રદ કરી દેવામાં આવી છે. જો કે હજુ પણ કેટલાક સંગઠનો પોતાનો કાર્યક્રમ કરવા મક્કમ છે. તો બીજી તરફ પોલીસ પણ કાર્યક્રમ ન થાય તે માટે પુરતા પ્રયત્નો કરી રહી છે. તેમ છતા જો કોઈ વિરોધ પ્રદર્શન કરવા આવશે તો તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવાની પણ પોલીસની તૈયારીઓ હોવાનું જાણવા મળ્યુ છે.

# વાવોલમાં રહીશો જાગૃત થતા યોજાયુ મહા સ્વચ્છતા અભિયાન

### વાવોલ વિકાસ સમિતિના આહ્‌વાનને ગુડાએ જેસીબી મશીન અને ટ્રેક્ટરની સુવિધા પુરી પાડી : દિવસભર આવેલા અભિયાનમાં વાવોલની સોસાયટી વિસ્તારની તમામ ગંદકીનો 'સફાયો' કરાયો

ગાંધીનગર, તા. ૧૦

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા નારાયણનગર આયોજિત સ્વચ્છતા અભિયાનને પગલે વાવોલમાં આજે ગુડાએ ગંદકી પર સપાટો બોલાવ્યો હતો. ગુડાના એન્જિનીયર સહિતના કર્મચારીઓએ એક જેસીબી મશીન અને બે ટ્રેક્ટરની મદદથી વાવોલમાં ફેલાયેલી ગંદકીને દૂર કરી હતી.



આજે રવિવારની સવારે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિએ જાહેર કરેલ સ્વચ્છતાના અભિયાનમાં ગુડાએ મદદ પુરી પાડતા રહીશો આનંદિત થયા હતા. વાવોલના નવ વિકસિત સોસાયટી વિસ્તારની આશરે ૧૪ જેટલી સોસાયટીઓના પ્રતિનિધિઓથી બનેલ વાવોલ વિકાસ સમિતિએ થોડા દિવસ પૂર્વે વાવોલમાં પ્રાથમિક સુવિધાઓના અભાવ બાબતે અવાજ ઉઠાવ્યો હતો. આ સમિતિએ વાવોલમાં ગુડા વિસ્તારને થઈ રહેલા ઓરમાયા વર્તન પ્રત્યે માત્ર ફરિયાદ ઉઠાવી બેસી રહેવાને બદલે જાતે જ પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યરત થવાની પહેલ કરવાનો આવકારદાયક નિર્ણય કર્યો હતો.

આ નિર્ણયના અનુસંધાને આજે રવિવારે સવારે સ્વચ્છતા અભિયાન છેડવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે વિકાસ સમિતિની પહેલને ગુડા તરફથી પણ પ્રોત્સાહક પ્રતિસાદ આપવા સાથે મદદરૂપ થવા તૈયારી દર્શાવી હતી. આ અનુસંધાને ગુડા દ્વારા એક જેસીબી મશીન અને બે ટ્રેક્ટર સવારે ૯ વાગ્યાથી ચાલુ કરીને રાતના ૯ વાગ્યા સુધી કાર્યરત રહ્યાં હતા અને વાવોલના સોસાયટી વિસ્તાર આસપાસ રહેલી તમામ ગંદકી, વરસાદી મૌસમમાં ઉગી નીકળેલી જંગલી ઝાડીઓ અને ઉકરડા સમા કચરાના ઢગ હટાવ્યા હતા. આ કાર્યમાં વિકાસ સમિતિની ટીમ સતત ખડેપગે રહી હતી. વાવોલના તમામ રહીશોએ વિકાસ સમિતિની કામગીરીને બિરદાવી હતી.

# શહેરના ટાઉનહોલમાં જિલ્લા રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

### પ્રાચીન-અર્વાચીન બંનેમાં પનઘટ કલાવૃદ પ્રથમ નંબરે વિજેતા

ગાંધીનગર, તા.૧૦

કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા જિલ્લા રાસ-ગરબા સ્પર્ધા સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. પ્રાચીન, અર્વાચીન અને રાસ એમ ત્રણ વિભાગમાં મળીને કુલ ૮ ટીમોએ ભાગ લીધો હતો. વિવિધ પ્રાચીન અને અર્વાચીન ગરબાની રમઝટ જામતા ટાઉનહોલમાં સૌ કોઈએ કલાકારોએ તાળીઓથી વધાવી લીધા હતા. આ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં રાસમાં રાગા ગ્રુપ તેમજ પ્રાચીન-અર્વાચીન બંન્ને વિભાગમાં પનઘટ કલાવૃંદે મેદાન માર્યું છે.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે વી.બી.દત્તા ( જિલ્લા રમત-ગમત અધિકારી), અતિથી વિશેષ તરીકે રાકેશ ચૌધરી (પ્રાંત યુવા અધિકારી), લાભુભાઈ દેસાઈ ( પ્રમુખ ગાંધીનગર શહેર વ્યાયામ મંડળ તેમજ કન્વીનર ખેલ મહાકુંભ કન્વીનર), સહિતના મહાનુભાવોએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો.ત્યારબાદ સ્પર્ધા આગળ વધતા પ્રાચીન ગરબા સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.જેમાં પનઘટ કલાવૃદના ખૈલેયાઓએ માડીને મંદિરીયે રણક જાલર વાગી.. જયારે રાગા ગ્રુપે માડી તારા મંદિરીએ ઘંટારવ વાગે...ગરબા રજુ કર્યા હતા. બાદમાં રાસ સ્પર્ધામાં ઉત્સવ કલાવૃંદે હે કાન તારી મોરલીએ મોહીને ગરબો ઘેલો કીધો...ત્યારબાદ સુંન્દરમ અને રાગા ગ્રુપ દ્વારા સુંદર રાસ રજુ કરી હતી. પ્રાચીન ગરબામાં વેણુભારતી ગ્રુપ દ્વારા ગોકુળ વેલેરા પધારજો... રાગા ગ્રુપ દ્વારા નવ નોરતાની રાત રળીયામણી રે લોલ...જયારે પનઘટ કલાવૃંદ દ્વારા કચ્છી ગરબો રાણો અંચીધો રાજને ભેણું... રજુ કર્યો હતો. ટાઉનહોલ ખાતે પ્રાચીન-અર્વાચીન સહિત રાસની રમઝટ કલાકારોએ બોલાવતા સૌ કોઈ ગરબાના તાલે ઝુમી ઉઠ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જગજીતભાઈ પંડયા, મુકતિબેન વૈષ્ણવ, અને નયનભાઈ ઉપાધ્યાયે ફરજ બજાવી હતી. જિલ્લા કક્ષાની રાસ ગરબાના પરિણામમાં રાસમાં પ્રથમ નંબરે રાગા ગ્રુપ વિજેતા જાહેર થયું હતું. જયારે બીજાક્રમે સુંદરમ તેમજ ત્રીજા ક્રમે ઉત્સવ કલાવૃંદ વિજેતા જાહેર થયું હતું. જયારે પ્રાચીન ગરબામાં પ્રથમ નંબરે પનઘટ કલાવૃંદ, બીજા ક્રમે રાગા ગ્રુપ તેમજ ત્રીજો ક્રમ વેણુભારતીએ મેળવ્યો હતો. તેવી જ રીતે અર્વાચીન ગરબામાં પ્રથમ નંબરે પનઘટ કલાવૃંદ અને બીજા નંબરે રાગા ગ્રુપ વિજેતા જાહેર થયું હતું. ત્યારે જિલ્લા કક્ષાની પ્રાચીન-અર્વાચીન ગરબા સ્પર્ધામાં પનઘટ કલાવૃંદના કલાકારોએ મેદાન મારતા સૌ કોઈએ તાળીઓથી વધાવી લીધા હતા અને પનઘટના સંચાલક અને કોરીયોગ્રાફર ભાવિન પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી.





# ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૬ના મોત

અમદાવાદ,તા. ૮

ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ અથવા તો એચ૧એન૧ના કારણે વધુ છ લોકોના મોત થયા છે. આની સાથે જ સ્વાઈન ફ્લુના કારણે આ વર્ષે મોતનો આંકડો વધીને ૪૦૧ સુધી પહોંચી ગયો છે જ્યારે જાન્યુઆરીથી લઈને સપ્ટેમ્બર સુધી સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા ૬૪૯૩ નોંધાઈ ગઈ છે. રાજ્ય સરકારે દાવો કર્યો છે કે, છેલ્લા ૧૫ દિવસના ગાળામાં જ ૨૯૩૮ દર્દીઓને સાજા કરી દેવામાં આવ્યા છે જ્યારે હજુ સુધી ૫૨૯૩ દર્દીઓને સજા કરવામાં આવ્યા બાદ રજા આપી દેવામાં આવી છે. છેલ્લા ત્રણ સપ્તાહની સરખામણીમાં હવે સાપ્તાહિક આધાર પર કેસોમાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે.

# ચોરીનાં માલસામાન સાથે એલ.સી.બી.ની ટીમે બે શખ્સોને પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એલ.સી.બીની ટીમે ચોક્કસ બાતમીને કલોલની કેલીકોમીલનાં મેદાનમાંથી ઘરફોડ ચોરીમાં ગયેલા મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. પકડાયેલા બે શખ્સો પૈકી એક સગીર વયનો હોવાનું જાણવા મળ્યુ છે. આ બંને શખ્સોએ કલોલ આસપાસનાં વિસ્તારોમાંથી ઘરફોડ સહિત આઠેક નાની-મોટી ચોરીઓ કરી હોવાની કબુલાત કરી હોવાનું ગાંધીનગર એલ.સી.બીનાં અધિકારીનું કહેવુ છે. એલ.સી.બીની ટીમે બંનેની ધરપકડ કરીને સોના-ચાંદીનાં દાગીના તથા ૩ મોબાઈલો અને ચોરીનું બાઈક રિકવર કરી ઉંડી પુછપરછ હાથ ધરી છે.



ગાંધીનગર એલ.સી.બી પી.આઇ જે.ડી.પુરોહીતની ટીમનાં પી.એસ.આઇ એચ.કે.સોલંકી તથા તેમનો સ્ટાફ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન હે.કો રણજીતસિંહને બાતમી મળી હતી કે કલોલનાં કેલીકોમીલનાં મેદાનમાં બે ઘરફોડીયા ઉભા છે. આ બાતમીને આધારે સ્થળ પર પહોંચી બંને શકમંદોને પકડી તપાસ કરી હતી. ચોરીનાં બાઈક નં. જીજે ૦૧ એન.એચ ૫૧૧૯ સાથે મહેસાણામાં રહેતા શાહરુખ ઉર્ફે લાલો મહંમદ મલેક અને એક સગીર વયનાં કિશોરને એલ.સી.બીની ટીમે પકડી પાડ્યા હતા. બંને શખ્સો પાસેથી ચોરીનાં બાઈક ઉપરાંત કલોલ વડાસ્વામીમાં થયેલી ઘરફોડ ચોરીમાં ગયેલા દાગીના પણ મળી આવ્યા છે. ચાંદીની પાયલ, સોનાની શેરો તથા ૩ મોબાઈલો મળી એલ.સી.બીની ટીમે ૪૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# 'હાય રે મોંઘવારી': ચૂંટણી પંચને ૨૪૦ કરોડ જોઈએ, આપણાં રાજનેતાઓને ૧,૦૦૦ કરોડ

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

એક વિધાનસભાની ચૂંટણી પાછળ કેટલો ખર્ચ થાય છે તે આંકડા જો ધ્યાનથી જોવામાં આવે તો આપણને આશ્ચર્ય થાય છે, કેમ કે સરકારના તો રૂપિયા જાય છે પરંતુ પાર્ટીઓ તેમજ તેમના ઉમેદવારો જે ખર્ચા કરે તે જાલીમ છે. દયાજનક બાબત એવી છે કે કોઈ ઉમેદવાર રૂપિયા વિના ચૂંટણી લડી શકતો નથી. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં સત્તાવાર અને બિનસત્તાવાર મળીને કુલ ૭૦૦ કરોડનો ખર્ચ થયાનું અનુમાન હતું તે ૨૦૧૭માં વધીને ૧૦૦૦ કરોડ થવાની સંભાવના છે. બીજી તરફ ભારતના ચૂંટણી પંચે પણ સરકાર પાસે ચૂંટણી ખર્ચ પેટે ૨૪૦ કરોડ રૂપિયા માગ્યા છે જે ગઈ ચૂંટણીની સરખામણીએ ૩૦ ટકા વધારે છે. પંચને પણ મોંઘવારી નડી છે. પંચે ૨૦૧૨ની ચૂંટણી ૧૮૫ કરોડમાં આટોપી હતી, જ્યારે લોકસભાની ચૂંટણીમાં એકલા ગુજરાતમાં ૨૧૨ કરોડનો ચૂંટણી ખર્ચ થયો હતો. આ વખતે મતદારો ૩.૭૫ કરોડથી વધીને ૪.૨૫ કરોડ થયા છે ત્યારે સ્વાભાવિક છે કે ચૂંટણી ખર્ચ વધે,

**ધર્મ જ્યારે રાજકારણ પર હાવિ થાય ત્યારે ગુજરાત અને હરિયાણા પેદા થાય**

**● પક્ષોને સ્લોગન ખરીદવા છે, છે કોઇ બનાવનાર...**

૨૦૧૭ની ચૂંટણીના સૂત્રો પણ અજીબ છે. કોંગ્રેસનું સૂત્ર છે કે- 'કોંગ્રેસ આવે છે..' 'નવસર્જન ગુજરાત...' તો ભાજપનું સૂત્ર છે- 'અડીખમ ગુજરાત'. ભાજપે પહેલાં ગરજે ગુજરાત...નામનું સ્લોગન વહેતું કર્યું હતું પરંતુ ફિડબેક સારા નહીં આવતાં હવે સૂત્ર બદલ્યું છે અને અડીખમ શબ્દનો પ્રયોગ કર્યો છે. ૨૦૧૨માં ભાજપનું સૂત્ર- 'જીતેગા ગુજરાત' હતું અને કોંગ્રેસનું સૂત્ર હતું —'સહુ સહમત, કોંગ્રેસને મત...' આ સૂત્રોમાં પાછું ભાજપ અને કોંગ્રેસ વિનાની પાર્ટી- જનવિકલ્પનું નામ ભળ્યું છે. હાર્દિક પટેલ અને પાટીદાર અનામત આંદોલન સમિતિનું નવું સૂત્ર બજારમાં આવ્યું છે અને તે છે- 'જય સરદાર, ગઈ સરકાર...' તેના પછી અલ્પેશ ઠાકોર મેદાને છે... સૂત્રોની આ ભરમાર જોતાં આ વખતની ચૂંટણીમાં હાઈટેક સોશ્યલ મિડીયા પ્રચાર તેની ચરમસિમાઓ વટાવી જશે તે નક્કી છે. જેની પાસે મજબૂત આઈટી ટીમ હશે તે પાર્ટી કે વ્યક્તિનો વિજય થશે. ચૂંટણીમાં રસ લઈ રહેલી પાર્ટીઓ સ્લોગન કે સૂત્રો બનાવનારી એજન્સીને શોધી રહ્યાં છે.

**● ૧૫મી ઓક્ટોબર સુધી ચૂંટણીનો સ્કાયલેબ ત્રાટકશે...**

ગુજરાત સરકાર ઈલેક્શન મોડમાં આવી ચૂકી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીને હાઈકમાન્ડનો એવો આદેશ મળી ચૂક્યો છે કે તેમણે આચાર સંહિતા પહેલાં એટલે કે ૧૫મી ઓક્ટોબર પહેલાં વિવિધ પ્રોજેક્ટ્સના ઉદ્‌ઘાટન, ખાતમૂહુર્ત પૂરાં કરવા. રૂપાણીએ સચિવાલયના તમામ વિભાગો તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ઓફિસરોને કામો અને યોજનાઓની યાદી આપવા સૂચના આપી છે. ૨૦૧૨ની ચૂંટણી વખતે આચાર સંહિતાનો અમલ ત્રીજી ઓક્ટોબરે થયો હતો અને મતદાન સુધી ૭૩ દિવસનો સમય મળ્યો હતો. જો કે આ વખતે માત્ર ૪૫ દિવસનો સમય રહેશે તેવું પંચના સૂત્રો કહે છે. સચિવાલયમાં પેન્ડીંગ કામોને નિપટાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. અધુરી યોજનાઓને પૂરી કરવા તેમજ મુલાકાતીઓના કામો ફટાફટ કરવા માટેની સરકારે ઓફિસરોને સૂચના આપી છે.

**● ત્રણ વર્ષમાં ટેક્સચોરી- ૧,૫૨,૦૦૦ કરોડ રૂપિયા...**

ભારતમાં મલ્ટીનેશનલ ફર્મ્સ સહિત કેટલીક કંપનીઓએ ૩ વર્ષ ૩ મહિનામાં ૧ લાખ ૫૨ હજાર કરોડ રૂપિયાની ટેક્સચોરી કરી છે. નાણામંત્રાલય દ્વારા અપાયેલી માહિતીમાં એપ્રિલ ૨૦૧૪થી જુન ૨૦૧૭ સુધી કંપનીઓની ગુપ્ત રકમનો ઉલ્લેખ છે. આ રકમ એટલી છે કે બેંગ્લોર શહેરને ૧૯ વર્ષ સુધી અથવા તો પછી મુંબઈ મહાનગરને ૭ વર્ષ સુધી આરામથી ચલાવી શકાય. આ બન્ને શહેરો પૈકી બેગલુરૂ મહાનગરપાલિકાનું વર્ષનું બજેટ ૮૦૦૦ કરોડ રૂપિયા અને મુંબઈ મહાનગરપાલિકાનું બજેટ ૨૫૦૦૦ કરોડ રૂપિયા છે. આટલા રૂપિયામાંથી ૭૬ હજાર ૨૩૯ કરોડ રૂપિયા ડાયરેક્ટ ટેક્સનાં ફોર્મમાં છે અને બાકી બચેલા ૭૬,૫૩૫ કરોડ રૂપિયાની રકમ ઈનડાયરેક્ટ ટેક્સનાં ફોર્મમાં છે. તેમાં સર્વિસ ટેક્સ (૪૭૧૮૮ કરોડ ) કસ્ટમ (૧૦૩૯૨ કરોડ ) અને સેન્ટ્રલ એક્સાઈઝ (૧૮૯૫૪ કરોડ)નો સમાવેશ થાય છે.

**● બાર બાર મોદી... ભાઇ, આપણે તો છૂટકો જ નથી...**

ગુજરાતની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જાદુ ચાલશે કે કેમ તેવો પ્રશ્ન કોઈ પૂછે તો જવાબ હા છે. ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડ્યા પછી ત્રણ વર્ષનો સમય થયો છે છતાં ગુજરાતની જનતામાં અને ખાસ કરીને શહેરી વિસ્તારના નાગરિકોમાં મોદી આજેપણ લોકપ્રિયતાની ટોચ પર છે. મતદારો જાણે છે કે- ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ત્રણ મોટા નેતાઓ નરેન્દ્ર મોદી, અમિત શાહ અને આનંદીબહેન પટેલ ઉમેદવાર નથી છતાં મોદીને નામ વોટ આપવા તે લોકો તૈયાર છે. ગુજરાતના મુખ્યમંત્રી અત્યંત સરળ છે. નિખાલસ છે. નિડર છે. લોકોની સાથે ભળી જાય છે. સત્તાનો મદ તેમનામાં જરાય નથી તેમ છતાં હાઈકમાન્ડ કોઈ જુગાર ખેલવા માગતું નથી તેથી ગુજરાતમાં નરેન્દ્ર મોદીની મુલાકાતો વધી ચૂકી છે. વિજય રૂપાણીએ થોડાં સમય પહેલાં કહ્યું હતું કે- આગામી ચૂંટણીમાં મોદીના નામે મત માગવામાં આવશે. તેમનું આ વાક્ય સાચુ પડે છે. સચિવાલયમાં હળવાશની પળોમાં એક અધિકારી કહે છે- ગુજરાતના 'વિજય' (વિજય રૂપાણી) અને 'જીત' (જીતુ વાઘાણી) માટે નરેન્દ્ર મોદી અને અમિત શાહ તારણહાર છે.

**ઝડપી કામ પતાવો: ૧૫મી ઓક્ટોબર સુધી આચારસંહિતા આવી જવાની શક્યતા**

**● વિકાસનું નામ આવે એટલે ભાજપ હવે મૌન...**

ચૂંટણીનો પહેલો પ્રચાર તબક્કો કોંગ્રેસને નામ છે, કારણ કે વિકાસ ગાંડો થયો છે- ના નામે સોશ્યલ મિડીયમાં જે પ્રચાર ચલાવ્યો છે તેણે ગુજરાતમાં ભાજપના વિકાસનો મુદ્દો (પરપોટો) ફોડી નાંખ્યો છે. વિકાસના નામે મત માગવાનું ભાજપનું પ્લાનિંગ ચાલી શકે તેમ નથી, કારણ કે સોશ્યલ મિડીયામાં એક્ટિવ લોકોને આ સૂત્ર મળી ચૂક્યું છે જે કોંગ્રેસની આઈટી ટીમના ભેજાબાજોને આભારી છે. ખુદ મુખ્યમંત્રીએ આ સૂત્રના પ્રતિભાવ આપવા પડ્યા છે. વિકાસ અમારા કહ્યાંમાં નથી... કોંગ્રેસના શાસનમાં મોંઘવારી નામની દિકરીને દત્તક લેવામાં આવી હતી અને હવે તેનું નામ બદલીને વિકાસ કરવામાં આવ્યું છે... વિકાસ ગાંડોતૂર થઈ ગયો છે, જો જો એની અડફેટે આવી ન જતા... સૌનો સાથ સૌનો વિકાસ- જો રહેશે આવો વિકાસ તો, થાશે સૌનો વિનાશ... આ વિકાસ નામની ટીખળથી સોશ્યલ મિડીયા ભરચક બની ચૂક્યું છે તેથી ભાજપને વિકાસના સ્થાને નવું સૂત્ર અપનાવવું પડશે તેવું લાગી રહ્યું છે...

**ગુજરાતમાં 'વિજય' અને 'જીત' એ ચૂંટણીના સૈનિક છે, સારથી તો બીજા છે**

**● ધર્મ જ્યારે રાજકારણ પર હાવિ બને ત્યારે વિનાશ...**

ધર્મગુરૂઓનો ધર્મ લોકોને જીવન જીવવા માટે જડીબુટ્ટી સમાન હોય છે. લોકોની નિરાશાને દૂર કરી તેમના જીવનમાં પ્રકાશ પાથરવાનું કામ તેઓ કરે છે. ભારતમાં એક સંત ડોંગરેજી મહારાજ હતા કે જેઓ સંપત્તિ કે મહિલા સામે જોતાં ન હતા. તેમને બસ તેમનો લાલો દેખાતો હતો. જ્યારે જ્યારે કથા કરવા જતા ત્યારે ત્યારે લાલાની લીલાનુ વર્ણન કરતી વખતે તેમની આંખના ખૂણાં ભીના થઈ જતા હતા. આજે જમાનો બદલાયો છે. ધર્મગુરૂઓ કે સંતો ફાઈવસ્ટાર બની ચૂક્યાં છે. આસારામ હોય કે, ગુરમિત રામ રહિમ કે પછી બાબા રામદેવ- આ તમામને ફાઈવસ્ટાર ફેસેલિટી જોઈએ છે. ગુજરાતમાં ભાજપની જીતનું એક મોટું રહસ્ય એ હતું કે- ભાજપે ધર્મગુરૂઓ અને સંતો કે જેમના ફોલોઅર્સ લાખોની સંખ્યામાં હોય તેમને સફળતા પૂર્વક મેનેજ કર્યા હતા. ધર્મગુરૂઓ કે સંતોના જ્યાં સંમેલનો થતાં હોય ત્યાં ભાજપના નેતાઓ મંચ પર પહોંચી જતા હતા. રામ રહીમની જેલયાત્રા પછી કોઈએ કહ્યું છે કે- ધર્મ જ્યારે રાજકારણ પર હાવિ થાય છે ત્યારે ગુજરાત અને હરિયાણા પેદા થાય છે.

**● કોંગ્રેસ તૂટી રહી છે, ચોમેરથી ઘેરવાનો પ્લાન...**

ગુજરાતમાં આ વખતે ચૂંટણીમાં કોંગ્રેસને ચારે બાજુથી ઘેરી લેવાનો પ્લાન બનાવવામાં આવ્યો છે, કારણ કે ભાજપ સિવાયની જે પાર્ટીઓ ચૂંટણી લડવા જઈ રહી છે તે ભાજપ સમર્થિત પાર્ટીઓ છે અથવા તો તે ભાજપને મદદ કરશે. કોંગ્રેસ સાથે વર્ષોથી સાથે રહીને ચૂંટણી લડતી નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી-એનસીપી આ વખતે રાજ્યની તમામ ૧૮૨ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખશે. રાજ્યસભાની ચૂંટણીમાં એનસીપીના બે ધારાસભ્યોએ અહમદ પટેલને મત નહીં આપતાં ગુજરાતમાં કોંગ્રેસ અને એનસીપીનું ગઠબંધન તૂટી ગયું છે. કોંગ્રેસને માત્ર એક જ આશા છે કે આમ આદમી પાર્ટી ચૂંટણીમાં ઝૂકાવશે તો તે ભાજપના શહેરી મતો તોડી શકે છે જેનો સીધો ફાયદો કોંગ્રેસને થશે, જો કે શંકરસિંહ વાઘેલા ભાજપ સમર્થિત હોવાથી કોંગ્રેસને ગ્રામ્ય વિસ્તારની બેઠકોમાં બહુ મોટો ફટકો પડી શકે છે, કેમ કે મોટા ભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કોંગ્રેસ તૂટી રહી છે.